સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ પ્રારંભ

હિન્દુ સંસ્કૃતિની આપણી ભક્તિ પરંપરા મુજબ અષાટ વદ-૨ થી એક મહિના સુધી ભગવાનને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. ગાંધીનગર શહેરમાં અન્ય ધાર્મિક સ્થળોની માફક સેક્ટર-૨૩ ખાતે સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી હિંડોળા ઉત્સવ પ્રતિવર્ષ અનન્ય ઉત્સાહ અને ભક્તિભાવપૂર્વક ઉજવાય છે. અહીં હિંડોળા કલાત્મક રીતે સજાવાય છે, જેના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં આવતા હોય છે. તા. ૨૪-૭-૧૩ બુધવારથી હિંડોળા ઉત્સવ શરૂ થયેલ છે. શ્રદ્ધા સમર્પણ, ભક્તિ-ભાવના અને કલા સંસ્કૃતિનો સુભગ સમન્વય આ ઉત્સવમાં થાય છે. એક મહિના સુધી ચાલનારા હિંડોળા દર્શનનો સમય સાંજે ૫.૦૦ થી ૮.૧૫ છે.

આગામી પમીએ જિલ્લા વન મહોત્સવ

વનતંત્ર દ્વારા શહેરમાં ૪૨ હજાર રોપાઓનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા.૨૭

વન વિભાગ દ્વારા વનીકરણ અન્વયે જિલ્લામાં ૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં પણ ૪૨ હજાર રોપાઓનું વાવેતર કરાયું છે. આગામી તા. ૫ ઓગષ્ટના રોજ દહેગામ તાલુકાના પાલેયા ગામમાં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

ચાલુ વર્ષ દરમિયાન ચોમાસામાં સમયસર અને સાનુકૂળ વરસાદ થતા વનતંત્ર દ્વારા રોપાઓનું વાવેતર પણ ઉત્સાહભેર અને ઝડપી હાથ ધરાયું છે. જૂનના પ્રારંભિક તબક્કા બાદ જુલાઈ મહિનામાં સતત વરસાદ યથાવત રહેતા વૃક્ષોની ખેતીમાં રસ દાખવતા ખેડૂતોને પણ ફાયદો થયો છે. બીજી તરફ વનવિભાગ દ્વારા પણ શહેર અને તાલુકા કક્ષાએ રોપાઓનું વાવેતર કરી દેવાયું છે. વનવિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર અત્યાર સુધી જિલ્લામાં સારો વરસાદ થતા ૮ લાખ રોપાઓનું વાવેતર કરી દેવાયું છે. જયારે શહેરમાં પણ ૪૨ હજાર રોપાઓનું વાવેતર કરી દેવાયું છે. આગામી તા. ૫ ઓગષ્ટના રોજ દહેગામ તાલુકાના પાલેયા ગામમાં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. ગામમાં સ્થિત નીલકંઠ મહાદેવ મંદિરના સંકુલમાં અને તળાવ આસપાસ વનમહોત્સવ નિમિત્તે ૭૦૦થી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવશે અગાઉ પણ તંત્ર દ્વારા રાયણ અને જાંબુના રોપાઓનું વાવેતર કરાયું હતું. વનમહોત્સવ પ્રસંગે પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીઓ પણ હાજર રહેશે.

ખૂણે... ...ખાંચરેથી

- પંચાયત પરિષદની પ્રદેશ કારોબારી ૮મી ઓગષ્ટે કચ્છમાં મળશે.
- ગાંધીનગરનું મહાત્મા મંદિર મુલાકાતીઓથી ઉભરાયું હતું. સવારે ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ચેરની ખેતીને લઈ આંતરરાષ્ટ્રીય સેમિનાર હતો તો બપોર બાદ શહેરી વિકાસ વિભાગની એક દિવસીય કાર્યશાળા હતી.
- નગરના આશાસ્પદ યુવાન સ્વ. નંદિપ કાર્તિકેય બુચની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે ટાઉનહોલ ખાતે સવારે ૯ થી ૧૧ સુંદરકાંડનું આયોજન કરાયું છે.
- સ્પીપાના રજીસ્ટાર સુશ્રી જાગૃતિ ત્રિવેદીના સદ્‌ગત પિતા કવિશ્રી હસમુખ મઢીવાળાના નવા ગઝલ-મંજૂષ 'યાયાવર'ની વિમોચન વિધિ શનિવારે ગઝલકાર ડૉ. ચીનુ મોદીના હસ્તે યોજાઈ હતી.
- સ્કૂલ ઓફ એકટીંગમાં શનિવારે જાણીતા નાટ્યવીદ જનક દવેએ અભિનયના વિવિધ પાસાઓને આબેહૂબ રીતે સમજાવ્યું હતું.
- બીજી ઓગષ્ટે ગાંધીનગરના જન્મદિનની ઉજવણી માટે વિવિધ સંસ્થાઓ તૈયાર કરી રહી છે.
- ગુજરાત પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે તેમનો જન્મ દિવસ અમેરિકામાં ઉજવ્યો. તેઓ ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં પરત ગાંધીનગર આવશે.
- ગાંધીનગરના જાણીતા એડવોકેટ અને સહકારી આગેવાન ડૉ. હિમાંશુ પટેલની દીકરી ડૉ. નિવા પટેલ ઉચ્ચ અભ્યાસાર્થે પાંચ વર્ષ માટે અમેરિકા જવા ગઈકાલે રાત્રે રવાના થયા છે.

ગાંધીનગરમાં દ્વિચક્રી વાહનો માટે ૮મીથી નવી સીરીઝ શરૂ થશે

જી.જે. ૧૮ સી.ઈ.ની નવી સીરીઝ માટે પસંદગીના નંબરોની હરાજી કરાશે

ગાંધીનગર, તા.૨૭

આર.ટી.ઓ. કચેરીમાં દ્વીચક્રી વાહનો માટે જી.જે.-૧૮-સી.ઈ.ની નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. હાલ બાઈકના નંબરો માટે જી.જે. ૧૮ સી.ડી.ની સીરીઝ ચાલુ છે. આગામી તા. ૮ ઓગષ્ટથી નવી સીરીઝ શરૂ થશે. આ દિવસે પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રિયા હાથ ધરાશે.

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીના જણાવ્યા મુજબ આર.ટી.ઓ. કચેરીમાં હાલ મોટર સાયકલના નંબરો માટે જી.જે.૧૮ સી.ડી.ની સીરીઝ ચાલુ છે જયારે આગામી તા. ૮ ઓગષ્ટથી નવી સીરીઝ જી.જે. ૧૮-સી.ઈ. શરૂ કરવામાં આવશે. પસંદગીના નંબર ફાળવવાની પધ્ધતિમાં સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે. વાહન માલિકોને તેમના વાહનોની નોંધણી વેચાણની તારીખથી ૩૦ દિવસમાં કરાવીને તેમનો પસંદગીનો નંબર મેળવવા તા. ૬ અને ૭ ઓગષ્ટ દરમિયાન આર.ટી.ઓ. કચેરીમાં અરજી કરવાની રહેશે. જયારે પસંદગીના નંબર માટે વાહન માલિકોને અરજી સાથે નેશનલાઈઝ રાષ્ટ્રીયકૃત બેંકમાં જેટલી રકમ ભરવા માંગતા હોય તેટલી રકમનો ડીમાન્ડ ડ્રાફટ કઢાવી અરજી સાથે બંધ કવરમાં આપવાનો રહેશે. એકથી વધુ ડીમાન્ડ ડ્રાફટ સ્વીકારવામાં આવશે નહીં. કંપનીના નામે વાહનની નોંધણી થઈ હોય તેવા સંજોગોમાં પસંદગીના નંબર માટે કંપનીના પ્રતિનિધિને લેખિત મંજુરી સાથે હરાજીમાં હાજર રહેવું પડશે. આગામી તા. ૮ ઓગષ્ટના રોજ બપોરે ૧૨ કલાકે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરમાં વરસાદ ઓછો પડે કે વધારે પણ ગમે ત્યાં પાણીનો ભરાવો થઈ જવાની કે રસ્તાઓ તૂટી જવાને કારણે અગવડો ઊભી થવાની ઘટનાઓ ઓછી થતી નથી. પ્રસ્તુત તસવીર સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારની છે. (તસવીર : દિપક જાની)

મહામહેનતે ચેઈન સ્નેચીંગ કરીને ભાગેલા ગઠીયા આખરે પસ્તાયા

બાઈક પર આવીને મહિલાના ગળામાંથી જે દોરો સોનાનો સમજીને તફડાવી ગયા તે ખોટો દોરો હતો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના અક્ષરધામ પાસેના માર્ગ પરથી ચાલતા જઈ રહેલી એક મહિલાના ગળામાં તરાપ મારીને બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સ દોરો આંચકી ભાગી ગયા હતાં. ગઈ સાંજે બનેલી આ ઘટનામાં ચેઈન સ્નેચર્સને મહિલાએ છેતરી કાઢયા હોવાનો ઘાટ ઘડાયો હતો. મહિલાએ પહેરેલો દોરો સોનાનો નહીં પરંતુ ખોટો દોરો હતો. જો કે આ અંગે મહિલાએ ચેઈન સ્નેચર્સ પકડાય તે હેતુસર પોલીસને તાત્કાલીક જાણ કરી હતી પરંતુ ફરિયાદ નોંધવી ન હતી.

અક્ષરધામ મંદિર નજીકના માર્ગ પરથી એ મહિલા ચાલતા જઈ રહી હતી તે દરમિયાન તેણીને ટાર્ગેટ બનાવીને બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સ તેમની નજીક આવી પહોંચ્યા હતાં. મહિલાના ગળામાં બાઈક પાછળ બેસેલા શખ્સે હાથ મારીને દોરો તફડાવી લીધો હતો. મહિલાની રેકી કરવા પાછળ અડધો કલાક બગાડીને મહામહેનતે બંને ચેઈન સ્નેચર્સે દોરો ખેંચી બાઈક રમરમાટ ભગાડી મુકયું હતું. મહિલાએ તાત્કાલિક પોલીસને ચેઈન સ્નેચીંગ થયાની જાણ કરી ચેઈન સ્નેચર્સ પકડવા માટે પોલીસ દોડવી હતી. શહેરના તમામ પ્રવેશદ્વારો પર નાકાબંધી કરી દેવામાં આવી પરંતુ ચેઈન સ્નેચર્સ બાઈક સાથે રફ્ફુ ચક્કર થઈ ગયા અને પોલીસને હાથ લાગ્યા નહીં. ગળામાંથી દોરો તુટવા છતાં પેટનું પાણી પણ ન હલવા પાછળનું કારણ બતાવતા મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે ચેઈન સ્નેચર્સ જે દોરો સોનાનો સમજીને ખેંચી ગયો છે તે હકીકતમાં નકલી દોરો છે. ચેઈન સ્નેચર્સે કરેલી મહેનત માથે પડતા બંને કદાચ રાતા પાણીએ રડયા હશે...! આ સંદર્ભે મહિલાએ ફરિયાદ આપવાનું ટાળ્યું હતું.

કલોલના પ્રાંત અધિકારી હિમાંશુ પટેલ પાણી પુરવઠા બોર્ડમાં સી.ઇ.ઓ. નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં કલોલના પ્રાંત અધિકારી શ્રી હિમાંશુ પટેલની બદલી પાણી પુરવઠા બોર્ડમાં કરવામાં આવી છે.

છ માસ પૂર્વે જ એડીશનલ કલેક્ટર તરીકે બઢતી મેળવ્યા બાદ રાજયના સામાન્ય વહીવટ વિભાગે કરેલા એક માત્ર હુકમમાં શ્રી હિમાંશુ પટેલને પાણી પુરવઠા બોર્ડના ચીફ એકઝીકયુટીવ ઓફિસર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં કલોલ પ્રાંત નવો રચાયો છે અને તેના પ્રથમ પ્રાંત અધિકારી તરીકે શ્રી પટેલ ફરજ બજાવતા હતા. હવે આ જગ્યા પર હજુ કોઈ નિમણુંક કરાઈ નથી.

દહેગામ-નાંદોલ માર્ગ પર ૮ કરોડના ખર્ચે બ્રિજ બનશે

વરસાદી પાણીના ભરાવાથી ટ્રાફિકની અવર-જવર બંધ થઈ જાય છે : બ્રિજ નિર્માણથી વાહનવ્યવહાર સરળ બનશે

ગાંધીનગર, તા.૨૭

દહેગામ-નાંદોલ માર્ગ પર રૂ. ૮.૯૯ કરોડના ખર્ચે નવા બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. હાલ નીચાણવાળા વિસ્તારના લીધે પાણીનો ભરાવો થતા આ માર્ગ પર ઘણીવાર ટ્રાફિક બંધ થઈ જાય છે. આ સ્થિતિ નિવારવા માર્ગ પર નવો બ્રિજ બાંધવાનું કામ ટૂંકમાં હાથ ધરાશે.

શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોના નવીનીકરણની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. નવીન માર્ગ નિર્માણ ઉપરાંત શહેર આસપાસના વિસ્તારમાં નવા બે બ્રીજ બનાવવાનું કામ હાથ ધરવામાં આવનાર છે. જેમાં ગીફ્ટસીટીને જોડતા બ્રિજના નિર્માણ માટે પણ ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી દેવાઈ છે. ગીફ્ટસીટીને જોડતા આ મહત્વના બ્રિજના કામ માટે રૂ. ૭૨ કરોડના ખર્ચનો અંદાજ છે. આ ઉપરાંત પાટનગર યોજના વિભાગ દ્વારા દહેગામ-નાંદોલ માર્ગ ઉપર પણ નવો બ્રિજ બાંધવામાં આવશે. આ માર્ગ પર ૧૦૦ મીટરના બ્રિજની કામગીરી માટે રૂ. ૮.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ વધુ વરસાદના સંજોગોમાં નીચાણવાળા વિસ્તારમાં સ્થિત માર્ગ પર પાણીનો ભરાવો થતા ટ્રાફીકની અવરજવર બંધ થઈ જાય છે. જયારે ઉપરવાસમાં વધુ વસાદ થાય ત્યારે ખારી નદીનું પાણી આવતા ટ્રાફીક ખોરવાઈ જાય છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વાહનવ્યવહારની સરળતા માટે બ્રિજનું કામ હાથ ધરવામાં આવનાર છે.

સેક્ટર-૨૮ જીઆઈડીસીમાં કાર્યરત પંજાબ હ્યુન્ડાઈ શો રૂમ ખાતે શનિવારથી કાર્નિવલનો આરંભ કરવામાં આવ્યો છે, જે રવિવારે પણ કાયમ રહેશે. આ દરમ્યાન ગ્રાહકોને સેલ્સ પર આકર્ષક ગીફ્ટ અને સ્પેર પાર્ટ્સ પર ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવી રહ્યો છે. (તસવીર : દિપક જાની)

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. નંદિપ કાર્તિકેય બુચ

મન હજુ માનતું નથી કે તમે અમારા પાસે નથી
તે મની ઇચ્છા તેથી અલવિદા વિદાય લીધા આજ દંડાયી ગઈ
પ્રભુ આપના આત્માને ચિરશાંતિ અર્પે
એવી અમારા સૌની હૃદયપૂર્વક ભાવાંજલિ

★ લી. ★

જિપીનભાઈ પટેલ — સુશિલાબેન પટેલ
એમ. જે. રૂચંદાણી — રોમાબેન રૂચંદાણી
વાસુદેવભાઈ પટેલ — ભાવનાબેન પટેલ
પરેશભાઈ દવે — મનિષાબેન દવે
હરેશભાઈ ગજ્જર — જોલીબેન ગજ્જર
તથા સમસ્ત ઈશાન ફ્લેટ પરિવાર, સે.૨૩

વેલકમ — હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
હમ દિલસે કરતે હૈ... — નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક
ખાસ
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
તથા રહેવા માટે સર્વોત્તમ રૂમની સગવડ એ.સી. / નોન એ.સી. તથા શ્યુટરૂમ
એ.સી. બેન્કવેટ હોલ (૯૫૦ વ્યક્તિની કેપેસીટી)
● પાર્કીંગ વ્યવસ્થા ● લીફ્ટની સુવિધા
આપની એકવારની મુલાકાત કાયમી સંબંધોનું બનવાની ખાતરી અમારી
પ્રમુખ આર્કેડ (ઘ-૦વી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૮-૨૦૨૮૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com

પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઇએ છે
(૧) સુપર વાઈઝર
(૨) પેટ્રોલ - ડીઝલ તથા સી.એન.જી. ગેસ પૂરવા માટે માણસો
: મળો :
બપોરે ૧૧.૦૦ થી ૨.૦૦
HP વિજય ઓટો મોબાઈલ
પ્લોટ નં. ૧૨, ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

મીનરલ વોટર પ્લાન્ટ
ઉજ્જવળ ભવિષ્ય - મહત્તમ વળતર
મેળવી સ્થાપતો વ્યવસાય
8511010101
D-11, Diamond Park, G.I.D.C. Naroda, Ahmedabad.
Ph: 22819065 / 22815181
INDIAN ION EXCHANGE & CHEMICALS LIMITED
INDIAN ION EXCHANGE.COM

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮ ૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com